ગાંધીનગરથી દર પહેલી અને પંદરમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક R.N.I. No. GUJGUJ/2014/58245 Registered under RNI No. GUJGUJ/2014/58245 Permitted to post at SRO,GANDHINAGAR, and on 1st & 15th of every month under Postal Regd No G-GNR-339 issued by SSP GNR valid up to 31-12-2019

Special Colour Edition

# અગ્નિપથ

વર્ષ : ૦૬ ● અંક : ૧૦ સ્થાપક તંત્રી : અરવિંદ રાણા ●તારીખ : ૦૧-૦૭-૨૦૧૭ શનિવાર ●વાર્ષિક સહયોગ : રૂા. ૨૦૦ ●પાના : ૪

## ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા પરા વિસ્તારની શાળાઓમાં નવતર પ્રયોગ

# શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમોનો પ્રારંભ વૈદિક યજ્ઞથી કરાયો

આણંદ

ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા પરા વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧માં પ્રવેશ લેનાર બાળકોને પ્રોત્સાહિત કરવા શાળા પ્રવેશોત્સવનાં કાર્યક્રમો યોજવામાંઆવ્યા હતા.

આ વર્ષે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમોનો પ્રારંભ વૈદિક યજ્ઞથી કરવામાં આવ્યો હતો. પ્રથમ વર્ગમાં પ્રવેશ લેનાર બાળકો,







તેમના વાલીઓ, શિક્ષકો, શાળાનાં ટ્રસ્ટીઓ વગેરે દ્વારા સરસ્વતી સુક્ત, ગાયત્રી મંત્ર અને મહામૃત્યુંજય મંત્રથી આહુતિઓ આપવામાં આવી હતી. શ્રી કનકસિંહજી વાઘેલા દ્વારા શાળામાં પર્યાવરણની જાળવણીમાં મહત્વની ભૂમિકા ભજવતા વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવેલ હતું.

વિવિધ શાળાઓનાં આચાર્યો શ્રીમતી ગાયત્રીબહેન, શ્રી જીતુભાઈ, પૂર્વ આચાર્ય શ્રી સામંતસિંહ ચૌહાણ, આર્યસમાજનાં પ્રધાન શ્રી કનકસિંહ વાઘેલા, ઉપપ્રધાન શ્રી કમલેશભાઈ પટેલ, પુસ્તકધ્યક્ષ શ્રી રાજેન્દ્રસિંહ રાજ, મોગર ગામનાં સરપંચ શ્રી રાજેન્દ્રસિંહ ઝાલા, રામનગરનાં સરપંચ શ્રીમતી ગીતાબહેન, શાળાના ભૂમિદાતા શ્રી મોહનકાકા, મોગરનાં શ્રી દિલીપસિંહ રાવલજી, શ્રી ભગવાનસિંહ મહીડા વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

મહાનુભાવોના વરદ હસ્તે ધોરણ-૧માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને સ્કુલ બેગ, પેન્સીલ, સંચો, રબર નોટબુક વગેરે સહિતની શૈક્ષણિક કીટ આપવામાં આવી હતી. આ પ્રસંગે દરેક બાળકને પતંજલિ બ્રાન્ડની એનર્જીબાર ચોકલેટ આપી મોઢુ મીઠું કરાવવામાં આવ્યું હતું.


॥ ઓમ્ ॥

## ગુજરાતીમાં સામવેદ પ્રકાશન યોજના

ઈશ્વરની મહતી કૃપા અને આપ સૌ ધર્મપ્રેમી સજ્જનોના સહયોગથી ચારે વેદોનું ગુજરાતી ભાષામાં પ્રકાશનનું કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થયું છે. આશ્રમ દ્વારા અત્યાર સુધીમાં લગભગ ૧૫૦ થી પણ વધારે પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું છે. જેને દેશ વિદેશમાં લાખો ઘરો સુધી પહોંચાડવામાં આવ્યું છે. આ માટે આપ સૌ સજ્જનોનો હૃદયથી આભાર પ્રગટ કરીએ છીએ.

વર્તમાનમાં સામવેદનું (ગુજરાતી ભાષામાં) પ્રથમ સંસ્કરણ સમાપ્ત થઈ ગયું છે તથા અન્ય વ્યક્તિઓ, સમાજો તરફથી તેની માંગ પણ વધારે છે. આ માંગને ધ્યાનમાં રાખીને સામવેદનાં દ્વિતીય સંસ્કરણના પ્રકાશનની યોજના બનાવવામાં આવી છે. **સામવેદનાં યોગ્ય ગ્રાહકો મળી જતા ૪૦૦ રૂપિયામાં ઉપલબ્ધ કરાવી શકીશું. ઈચ્છુક વ્યક્તિ અથવા સંસ્થા તુરંત સંપર્ક કરે. ૨૫ થી વધારે પ્રતિ લેનારનું નામ અને સરનામું પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવશે.** આપની આવશ્યક પ્રતિઓની જાણકારી યથાશીઘ્ર અમને નીચેના સરનામે આપવા આપને વિનંતી છે.

**વ્યવસ્થાપક, વૈદિક વાંગમય પ્રકાશન**

**વાનપ્રસ્થ સાધક આશ્રમ**, આર્યવન રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા, ગુજરાત-૩૮૩૩૦૭


# કચ્છ સ્થિત સંત શ્રી ઓધવરામ વૈદિક ગુરૂકુળનો રજત જયંતી મહોત્સવ સંપન્ન






કચ્છ સ્થિત સંત શ્રી ઓધવરામ વૈદિક ગુરૂકુળ-ભવાનીપુરના ૨૫ વર્ષ પૂર્ણ થતા એક ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય શ્રી તારાચંદ છેડા, પૂર્વ ધારાસભ્ય શ્રી જયંતીભાઈ ભાનુશાળી, ગુરૂકુળનાં આચાર્ય સ્વામી શાંતાનંદજી સહિત અનેક સંતો ઉપસ્થિત રહ્યાં હતા.

સ્વામી શાંતાનંદજીએ સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત ૧૦૦ જેટલા સંતોને પોત-પોતાના આશ્રમો-સંસ્થાઓમાં દૈનિક યજ્ઞનું અનુષ્ઠાન કરવા, બાળકોમાં ધાર્મિક-નૈતિક સંસ્કારોનું સિંચન કરવા, એક દેશી ગાયોની ગૌશાળાનું સંચાલન કરવા અનુરોધ કર્યો હતો. ત્યારબાદ ગુરૂકુળનાં ટ્રસ્ટી શ્રી મંગલભાઈ ભાનુશાળીએ ગુરૂકુળની ગતિવિધિઓ તથા ઉપલબ્ધિઓની માહિતી આપી હતી. સાંસદ શ્રી વિનોદભાઈ ચાવડા તથા પૂર્વ ધારાસભ્ય શ્રી જયંતીભાઈ ભાનુશાળીએ પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. અનેક સંતોએ પણ આશીર્વાદ પાઠવી ગુરૂકુળની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી લાગણી વ્યક્ત કરી હતી.

વિશ્વ હિન્દુ પરિષદનાં પ્રદેશ મંત્રી શ્રી શશીકાન્તભાઈ પટેલ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

# જગન્નાથનાં સત્ય સ્વરૂપને લોકો સમક્ષ લઈ જવું જરૂરી

તાજેતરમાં અષાઢી બીજનો તહેવાર ઉજવાઈ ગયો. આપણા રાજ્યમાં ખાસ કરીને અમદાવાદમાં તો છેલ્લા ૧૪૦ જેટલા વર્ષોથી આ તહેવારની ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. લાખો લોકો ભગવાન શ્રી જગન્નાથની રથયાત્રામાં જોડાય છે અને પોતે પુણ્ય કમાયા હોય તેવી લાગણી અનુભવે છે.

હવે પ્રશ્ન એ થાય છે કે ૧૪૦ વર્ષ પહેલાં અમદાવાદમાં રહેતા માણસોમાં એજ્યુકેશનનું સ્તર શું હશે? આપણે બધા જાણીએ છીએ કે દિવસે અને દિવસે વિજ્ઞાન અકલ્પનીય પ્રગતિ કરી રહ્યું છે. ૧૪૦ વર્ષ પહેલાં કોઈએ એવું કીધું હોય કે એક વ્યક્તિ અમદાવાદની આ રથયાત્રા અમેરિકામાં બેસીને જોઈ શકશે. રથયાત્રામાં જોડાયેલા વ્યક્તિ રથને જેટલો નજીકથી અને સ્પષ્ટ જોઈ શકે તેનાથી વધારે સ્પષ્ટ અમેરિકામાં બેઠા બેઠા વ્યક્તિ જોઈ શકશે. તો આવી વાતો કરનાર વ્યક્તિને ૧૪૦ વર્ષ પહેલા પ્રથમ રથયાત્રામાં જોડાયેલા લોકોએ પાગલ ઘોષિત કરી દીધી હોત. કહેવાનું તાત્પર્ય એ છે કે ૧૪૦ વર્ષો પહેલાં અલ્પશિક્ષિત, અલ્પબુદ્ધિશાળી, ધર્મનાં ક્ષેત્રમાં વિચારીએ તો અંધશ્રદ્ધાથી ઓતપ્રોત, પ્રાચીન વૈદિક સનાતન સંસ્કૃતિ અને જ્ઞાનનાં વારસાથી વિપરિત જ્ઞાન ધરાવતા આપણા જ પૂર્વજોએ શરૂ કરેલી આવી પરંપરા ઉપર પુનઃ વિચાર કરવાની જરૂર છે.

ધર્મનાં ક્ષેત્રમાં ઘેંટા ચાલ ચાલી રહેલો આપણો સમાજ કોઈપણ જાતનાં વૈજ્ઞાનિક અભિગમ વગર અભણો દ્વારા, અણસમજુઓ દ્વારા પોતાના સ્વાર્થની પૂર્તિ માટે અથવા આનંદ-

## સંપાદકીય.. - અરવિંદ રાણા

પ્રમોદ માટે ધર્મના નામો શરૂ કરેલી અંધપરંપરાઓને અનુસરે છે જે ખરેખર દુઃખદ છે.

જગન્નાથ એટલે જગતનો નાથ. જગતનો નાથ એટલે આ સંસારનો રચયિતા, પાલન કર્તા અને વિનાશ કર્તા પરમાત્મા. આપણા શાસ્ત્રોમાં આ પરમતત્વને ચેતન, સર્વવ્યાપક, નિરાકાર, અજન્મા અને એક તત્વ કહેવામાં આવ્યું છે. વેદ જ આપણો મૂળ ધર્મ ગ્રન્થ છે, છતાં આજે વેદના બદલે હિન્દુઓમાં ગીતાનું મહત્વ વધી ગયું છે ત્યારે ગીતામાં પણ ઈશ્વરને અજન્મા અને સર્વનાં હૃદય પ્રદેશમાં રહેનારા કહ્યાં છે. ગીતાને માનનારો આપણો આ સમાજ ઈશ્વરને જન્મ-મરણનાં ચક્રમાં સફાનારો, અવતાર લેનારો, સાધારણ મનુષ્યની જેમ શારીરિક પીડાઓ ભોગવનારો, રીસાઈ ગયેલી તેની પત્નિને મનાવવા પ્રયત્ન કરનારો, નગરજનોનાં દુઃખ-પીડાને સમજવા માટે રથમાં બેસીને નગરમાં ભ્રમણ માટે જનારો માની બેઠો છે. જગન્નાથનાં સાચા સ્વરૂપને લોકો સામે પ્રસ્તુત કરવાની જરૂર છે.

પરમાત્માનાં સ્વરૂપની બાબતમાં આવું ભ્રાન્તીજન્ય જ્ઞાન આજનાં આ કહેવાતા બુદ્ધિજીવી માણસોમાં જોવા મળે છે ત્યારે એમ થાય છે કે જેમ પ્રકૃતિનાં પદાર્થોમાં રહેલા રહસ્યોને જાણવા સરકારો દ્વારા વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે તેમ વેદમાં રહેલા આધ્યાત્મિક જ્ઞાનનાં ગૂઢ રહસ્યોને જાણવા પણ શોધકર્તા વૈદિક વિદ્વાનોને પ્રોત્સાહન અને સમર્થન આપવું જોઈએ. વોટની ચિંતા છોડી જો લોકોને ઈશ્વરનાં નામે ઠગાતા બચાવવા હોય, સાચી આધ્યાત્મિક જ્ઞાનની લુપ્ત થઈ રહેલી પરંપરાને, અધ્યાત્મ વિજ્ઞાનને બચાવવું હોય તો સરકારે આમાં રસ લેવો જોઈએ. સાથે સાથે વૈદિક જ્ઞાનના મહત્વને સમજીને વૈદિક ધર્મી લોકોએ પણ સાચી અધ્યાત્મ વિદ્યાના પ્રચાર-પ્રસાર માટે યોજનાબદ્ધરૂપે અને સંગઠિત થઈને કામ કરવાની જરૂર છે. આમ થશે તો જ ભારત અધ્યાત્મનાં ક્ષેત્રમાં પુનઃ વિશ્વગુરૂ બની શકશે.

# બૌદ્ધિક બળ વધારવા જ્ઞાની બનવું પડે છે

**કોઈપણ વિષયમાં જ્યારે આપણું જ્ઞાન સાચું જ છે એવો નિર્ણય થઈ જાય છે ત્યારે ગજબની આત્મિક શક્તિ વિકસિત થઈ જાય છે.**

સફળતા પ્રાપ્ત કરવાનું હવે પછીનું સોપાન છે તાકાત. સફળ બનવા શક્તિશાળી બનવું પડે અને કાર્યને સંપાદન કરવામાં પણ પૂરી શક્તિ લગાવવી પડે. શક્તિશાળી બનવું અને શક્તિનો યોગ્ય ઉપયોગ કરવો આ બે ક્રિયાઓ ઝડપથી સફળતાના શિખરે પહોંચાડી દે છે.

તાકાત એટલે શારીરિક, માનસિક, બૌદ્ધિક અને આત્મિક એમ તમામ પ્રકારની શક્તિઓ. આ ઉપરાંત સફળતા માટે જે ક્ષેત્રમાં સફળ થવા ઈચ્છાતા હોઈએ એ ક્ષેત્રનું અન્યો કરતાં વધારે જ્ઞાન હોવું એ જ્ઞાનની તાકાત કહેવાય છે. વિષયમાં ઉંડા ઉતર્યા વગર તેમાં પૂર્ણ સફળતા મળવી શક્ય નથી. એટલે જ્ઞાનની શક્તિ પણ બહુ મહત્વની છે. આ તમામ પ્રકારની શક્તિઓ વધારતા રહેવું જોઈએ.

કોઈપણ કાર્ય કરવું હોય તો સૌથી પહેલાં શારીરિક રીતે સશક્ત હોવું, નિરોગી હોવું જરૂરી છે. નિર્બળ વ્યક્તિ કોઈપણ કાર્યને ઝડપથી અને યોગ્ય રીતે કરી શકતો નથી. આ માટે નિયમિત વ્યાયામ, આરોગ્યપ્રદ ભોજન, ગાઢ નિદ્રા અને ઈન્દ્રિયો ઉપર નિયંત્રણ બહુ મહત્વના છે. શારીરિક બળની સાથે માનસિક બળ, સંકલ્પનું બળ વધારતા રહેવા નિયમિત ધ્યાન-ચિંતન-મનન કરતા રહેવું પડે છે. બૌદ્ધિક બળ વધારવા જ્ઞાની બનવું પડે છે. જો જ્ઞાન શુદ્ધ હશે તો જ બુદ્ધિથી સાચા-ખોટાની પરખ કરી શકીશું. કોઈપણ વિષયને યથાર્થરૂપમાં સમજવા માટે કુશાગ્ર બુદ્ધિ જરૂરી છે. આત્મિક બળ વધારવા અધ્યાત્મનાં ક્ષેત્રમાં પ્રવેશ કરવો પડે છે. શુદ્ધ ઉપાસના દ્વારા આપણે આત્મિક શક્તિ વધારી

**સફળતાનું રહસ્ય**



લેખક
**અરવિંદ રાણા**

શકીએ છીએ. કોઈપણ વિષયમાં જ્યારે આપણું જ્ઞાન સાચું જ છે એવો નિર્ણય થઈ જાય છે ત્યારે ગજબની આત્મિક શક્તિ વિકસિત થઈ જાય છે. આપણે તેને સામાન્ય ભાષામાં આત્મવિશ્વાસ કહીએ છીએ. જ્યાં સુધી આપણામાં આત્મવિશ્વાસનો અભાવ હશે ત્યાં સુધી આપણે લક્ષ્ય તરફ તીવ્ર ગતિથી આગળ વધી શકીશું નહીં. આ માટે આત્મિક બળ વધતું રહે તેવા પ્રયત્નો પણ સતત કરતા રહેવા જરૂરી છે.

જો આપણું લક્ષ્ય બહુ કઠીન હોય, આપણી શક્તિ કે સામર્થ્ય ઓછું પડતું હોય તો શક્તિ વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ અને તેમ ન કરી શકીએ તો અન્યોની સહાયતા લેવી જોઈએ. યોગ્ય અને સમર્થ વ્યક્તિને સાથે રાખીને કામ કરીશું તો સફળતા શીઘ્ર મળશે.

દરેક માણસને પોતાના લક્ષ્ય મુજબ અલગ અલગ પ્રકારની શક્તિઓની જરૂર પડે છે. જો તમે વિદ્યાર્થી છો તો તમારે સફળ થવા સૌથી વધારે બૌદ્ધિક શક્તિની જરૂર પડે છે. તે માટે યોગ્ય શિક્ષક, યોગ્ય શાળા, ભણવાનું યોગ્ય વાતાવરણ, માતા-પિતા અને મિત્રોનું પ્રોત્સાહન વગેરે મહત્વના અંગો છે. આ બધું હોય પછી ભણવામાં પૂરી શક્તિ લગાવવી પડે છે. આળસ-પ્રમાદનો ત્યાગ કરવો પડે છે. ભણવા સિવાય અન્ય વિષયોમાં મન ન જાય તે માટે શક્તિ લાગવવી પડે છે. અઘરા વિષયને સમજવા માટે વધારે શક્તિ અને સમય લાગાવવો પડે છે. આ જ રીતે બધા ક્ષેત્રોમાં સમજી લેવું જોઈએ. (ક્રમશઃ)

## આર્યસમાજ, અમદાવાદ દ્વારા

# કાર્યકર્તા પ્રશિક્ષણ શિબિર યોજાશે

આર્યસમાજ, અમદાવાદ દ્વારા આગામી ૨૧ થી ૨૩મી જુલાઈ, ૨૦૧૭ દરમ્યાન કાર્યકર્તા પ્રશિક્ષણ શિબિર યોજવામાં આવનાર છે. દર્શન યોગ મહાવિદ્યાલયના નિદેશક સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક આ શિબિરમાં અમદાવાદનાં કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે.

વૈદિક સંસ્થાન ઓઢવ દ્વારા આ સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા-પ્રબંધનું કાર્ય ઉપાડી લેવામાં આવ્યું છે. સૌથી પહેલાં શંકા સમાધાનની કક્ષા દ્વારા કાર્યકર્તાઓને સિદ્ધાંતોનું જ્ઞાન પરિપક્વ કરવામાં આવશે. ત્યારબાદ આર્ય પરિવારોમાં સંગઠનની ભાવના સુદૃઢ કરવાનાં ઉપાયો, આર્ય પરિવારોમાં દૈનિક નિત્યકર્મોને પુનઃ સુદૃઢ કરવા તથા આર્યસમાજથી અપરિચિત વ્યક્તિઓમાં વેદનો પ્રચાર-પ્રસાર કેવી રીતે કરી શકાય તે વિષયો ઉપર સ્વામીજી માર્ગદર્શન આપશે.

ત્રણેય દિવસ બપોરે ૩-૩૦ થી ૮-૦૦ દરમ્યાન બે સત્રોમાં કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમનાં અંતે સ્વરૂચિ ભોજન પણ રાખેલ છે.

આર્યસમાજ, કાંકરિયા ખાતે યોજાનાર આ શિબિરમાં ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. રજીસ્ટ્રેશન નિઃશુલ્ક છે, માત્ર વૈદિક સિદ્ધાંતોનું જીવનમાં પાલન કરવાનો સંકલ્પ લેવાનો રહેશે. રજીસ્ટ્રેશન માટે શ્રી રાજકુમાર યાદવ-૯૪૨૬૩ ૩૮૬૦૯ અથવા શ્રી સંજયભાઈ પ્રજાપતિ-૯૪૨૬૩ ૮૧૩૦૨ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

# આંખની સાચવણી તરફ પૂરતું ધ્યાન આપવું જરૂરી છે



## આયુર્વેદામૃતમ..

વૈદ્ય ચિરાગ પટેલ-આર્યગ્રામ, રાંધેજા

શરીરની શોભા આંખ છે. માણસ ગમે તેટલો સુંદર હોય પણ આંખ વિનાનો હોય તો તેની સુંદરતા તરફ કોણ જુએ. આંખ એ પાંચ ઈન્દ્રિયોમાંથી સૌથી અગત્યની અને અતિ સંવેદનશીલ ઈન્દ્રિય છે. આંખ જેવું બારીક અંગ શરીરમાં બીજું કોઈ નથી. આંખ દ્વારા જ આપણે સમગ્ર સૃષ્ટિને જોઈને માણી શકીએ છીએ. આંખ વગરની જીંદગી જીવવી ખરેખર અત્યંત મુશ્કેલ બની જાય છે. તેથી જ આજના આ અત્યંત વ્યસ્ત અને ઝડપી યુગમાં આંખ જેવી નાજુક ઈન્દ્રિયની સાચવણી એ ડગલે ને પગલે અત્યંત આવશ્યક છે. આંખની જાળવણી આપણે કેટલીક સામાન્ય બાબતોથી પણ સારી રીતે કરી શકીએ છીએ. આયુર્વેદ જેવી અતિ પ્રાચીન અને અત્યંત સુંદર ચિકિત્સા પદ્ધતિમાં સ્વાસ્થ્ય જાળવીને શરીરના વિવિધ અંગોની કેવી રીતે જાળવણી કરી શકાય તેના માટે દિનચર્યા અને ઋતુચર્યાનું ખૂબ જ સુંદર વર્ણન જોવા મળે છે.

આજે સમગ્ર વિશ્વ એકવીસમી સદી તરફ દોટ મુકી રહ્યું છે અને જ્યારે આપણા આ યુગને હાઈટેક યુગ તરીકે સંબોધવામાં આવે છે જ્યારે આપણે આપણા જીવનમાં અનેક સંશોધનોના આધારે ઘણી બધી ચીજવસ્તુઓ વિકસતી જોઈ રહ્યાં છીએ. પરંતુ આ બધી શોધો તેમજ ઝડપી વિકસી રહેલા યુગમાં શરીરની માવજત તરફનું ધ્યાન બિલકુલ ઘટી રહ્યું છે. આજે કોમ્પ્યુટર, લેપટોપ, ટીવી, મોબાઈલ વગેરે વસ્તુઓ વગર તો જીવન અશક્ય બની રહ્યું છે. બાળકોમાં પણ નાનપણથી વધારે પડતો કોમ્પ્યુટરનો ઉપયોગ લાંબો સમય ટીવી જોવું, ગેમ્સ રમવી વગેરે વધુ પ્રમાણમાં જોવા મળી રહ્યું છે. જેથી બાળકોની નાજુક આંખોને તણાવ અનુભવાય છે. જેથી દિવસે ને દિવસે બાળકોનાં નંબરનાં ચશ્મા, આંખો દુઃખવી, આંખમાંથી પાણી પડવું વગેરે સમસ્યાઓનું પ્રમાણ વધી રહ્યું છે. જેથી કરીને બાળકોથી લઈને વૃદ્ધ દરેકે દરેક માણસે પોતાની આંખની સાચવણી તરફ પૂરતું ધ્યાન આપવું અનિવાર્ય બન્યું છે તો આવો આપણે આંખને સાચવણી માટેની સામાન્ય લાગતી એવી વસ્તુઓ જાણીએ.

**આહાર (ભોજન) :-**

- આપણા આ સમાજમાં પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવ તેમજ જીવતા સ્વાદને કારણે આપણા આહારમાં વ્યાપક પ્રમાણમાં ફેરફાર જોવા મળી રહ્યો છે. આપણે આપણા ભારતીય ખોરાકનું પ્રમાણ ઓછું કરી ફાસ્ટફૂડનો વધારે પ્રમાણમાં ઉપયોગ કરી રહ્યાં છીએ ત્યારે આ એક ખૂબ જ અગત્યની ધ્યાન રાખવા જેવી બાબત છે.
- બાળકો કે વડીલોએ પોતાના આહારમાં હંમેશા ધારોષ્ણ દૂધ, તાજી છાસ, ગાયનું ઘી, માખણ, મલાઈ, મધ, સાકર જેવા સાત્વિક પુષ્ટિકારક અને વિટામીન-એથી ભરપૂર ખોરાક લેવો જોઈએ.
- ઘઉં, જવ, ચોખા, કઠોળનો વધારે ઉપયોગ કરવો.
- દ્રાક્ષ, દાડમ, ચીકુ, પપૈયા, આમળા, સફરજન વગેરે ફળનો ઉપયોગ વધારવો.
- શાકમાં ડોડીની ભાજી, પાલકની ભાજી, કોથમીર, લીલી હળદર, તાંતળજો, સરગવો, પરવળ, કારેલા, દૂધી, ગાજર , કુમળા મૂળાનો ઉપયોગ કરવો.
- તળેલા, કબજીયાત કરનારા અને વિરૂદ્ધ આહાર લેવાથી તેમજ વધુ પ્રમાણમાં મીઠુ, ક્ષારો, બરફની બનાવટો, અથાણાં, વેજીટેબલ ઘી, મગફળી, તલ અને ગોળ વધુ પ્રમાણમાં અને વારંવાર ખાવાથી આંખને નુકશાન થાય છે.
- દારૂ,ચા, પાન, બીડી, તમાકુ જેવા વ્યસનો ન રાખવા.

**વધુ પ્રમાણમાં મીઠુ, ક્ષારો, બરફની બનાવટો, અથાણાં, વેજીટેબલ ઘી, મગફળી, તલ અને ગોળ વધુ પ્રમાણમાં અને વારંવાર ખાવાથી આંખને નુકશાન થાય છે.**

(વધુ આવતા અંકે)

## વૈદિક સંસ્થાન-ઓઢવ દ્વારા

# આર્યાભિવિનય ગ્રન્થ ઉપર સ્વામી વિવેકાનંદજીનું વ્યાખ્યાન યોજાયું

વૈદિક સંસ્થાન, ઓઢવ ખાતે મહર્ષિ દયાનંદ સરસ્વતી દ્વારા રચિત આર્યાભિવિનય ગ્રન્થ ઉપર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. આર્યાભિવિનય ગ્રન્થના ગર્ભિત ઉપદેશોને સરળ ભાષામાં આર્યજગતનાં દાર્શનિક સંન્યાસી સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક દ્વારા સમજાવવામાં આવેલ.

સ્વામીજીએ ન યસ્ય દેવા દેવતા...ની વ્યાખ્યા કરતાં કહ્યું હતું કે માણસ પરમાત્મા દ્વારા બનાવેલા આ સંસારનાં પદાર્થોનો અંત પામી શકતો નથી. જ્યારે સંસારને પૂર્ણરૂપે જાણવા માનવ સમર્થ નથી તો પછી આ સંસારના રચયિતા પરમાત્માને, તેના સ્વરૂપને, તેના ગુણને, તેના કર્મને, તેના સ્વભાવને બુદ્ધિના માધ્યમથી સાધારણ મનુષ્ય કેવી રીતે જાણી શકે? સાધારણ મનુષ્યની વાત તો દૂર વિદ્વાનો પણ પરમાત્માને પૂર્ણરૂપે જાણી શકતા નથી. પોતાના કલ્યાણની અર્થાત મોક્ષ પ્રાપ્તિ માટે જેટલું જ્ઞાન જરૂરી છે તેટલું પણ મહા પ્રયત્ને જાણી શકે છે.



સ્વામીજીએ વધુમાં કહ્યું હતું કે પરમાત્મા સર્વવ્યાપક છે, તે સમગ્ર સંસારનો આધાર છે. પરમાત્મા ધર્મ વિરૂદ્ધ કાર્ય કરનારના બળનો સમય આવે ત્યારે નાશ કરનાર છે. એવી જ રીતે પરમાત્મા ધાર્મિક વ્યક્તિઓની રક્ષા માટે સદા તત્પર રહે છે. તેમણે પરમાત્માના આ ગુણને ધ્યાનમાં રાખી પાપ કર્મોથી બચવા અને યથાશક્તિ સત્કર્મો અર્થાત સેવા, દાન, પરોપકાર, યજ્ઞ, યમ-નિયમોનું પાલન, વેદની વિદ્યાનો પ્રચાર-પ્રસાર વગેરે કરતા રહેવા પ્રેરણા આપી હતી.

## આચાર્ય જ્ઞાનેશ્વરજી..

(પાન-૪નું શેષ)

જ્યાં પાણી એકઠું થઈ શકે તેવી પહાડો વચ્ચેની જમીનમાં ચેકડેમ બાંધવાની સલાહ આપી. જેનાથી સિંચાઈનું અને પીવાનું પાણી મળી રહે તથા જમીનમાં પાણીનાં સ્તર ઉપર આવે.

આ ઉપરાંત તેમણે ગામમાં ઘરની આગળ તથા પાછળ વૃક્ષો વાવવાની તથા જ્યાં ફેક્ટરીઓ હતી ત્યાં ખાલી જગ્યાઓમાં વૃક્ષો વાવવાની પ્રેરણા આપી. તેમણે બેટી બચાવો અભિયાન અંતર્ગત ગામમાં બેટીનો જન્મ થાય ત્યારે ઢોલ-નગારા સાથે તેને વધાવવાની પ્રેરણા આપી બેટીઓ પ્રત્યે શ્રદ્ધા અને પ્રેમ વધારવા પ્રયત્નો કર્યા. દુકાનદારો અને ફેક્ટરી માલિકોને તેમની આસપાસની જગ્યા સાફ રાખવા અને બહાર કચરા પેટી મુકવા પ્રેરીત કર્યા.

પ્રદેશનાં રાજભવનમાં દેશભરમાંથી સમયાંતરે રાજ્યોના ઉચ્ચપદાધિકારી, રાજ્યપાલ, મુખ્યમંત્રી તથા રાષ્ટ્રપતિ જેવા વિશેષ અતિથિ મહાનુભાવો આવતા હોય છે. બિનશાકાહારી મહાનુભાવો માંસ કે માછલી ખાવાનો આગ્રહ કરે છે ત્યારે રાજ્યપાલ મહોદય બહુ કઠોર શબ્દોમાં ના પાડી દે છે એટલું જ નહીં બહારથી મંગાવીને રાજભવનમાં માંસાહાર કરવાની પણ સખ્ત મનાઈ છે. તાજેતરમાં રાષ્ટ્રપતિ અતિથિ બન્યા ત્યારે તેમને પણ માંસ, માછલીનું ભોજન પીરસવામાં આવ્યું ન હતું. તેઓ એવું કહે છે કે મારા માટે ધર્મ અને સંસ્કૃતિની ગરીમા જાળવી રાખવી મહત્વપૂર્ણ છે, તેની સામે રાજ્યપાલના પદનું કોઈ મહત્વ નથી. કોઈ આત્મિકબળ ધરાવતી વ્યક્તિ જ આવું કથન જાહેરમાં કરી શકે.

હિમાચલનાં રાજ્યપાલને મળીને એવી મિથ્યા ધારણા કે રાજ્યપાલ માત્ર શો પીસ છે, એ સમાપ્ત થઈ ગઈ છે. અહીં તો રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી અલગ જ માટીનાં બનેલા છે. તેમની આત્મા ઋષિઓનાં દિવ્ય સંદેશો, સિદ્ધાંતો, વિધિ-વિધાનો, નિયમોથી રંગાયેલ છે. તેઓ પરિસ્થિતિના દાસ બની, પોતાના તુચ્છ સ્વાર્થ માટે સમાધાન કરવાવાળાઓમાંનાં નથી. તેઓ અજ્ઞાની, અધર્મી, પાપી, સ્વાર્થી, અભિમાની વ્યક્તિઓ સામે ઝુકવાવાળાઓમાંનાં નથી. એમના માટે ધર્મ, સત્ય, ન્યાય, આદર્શ મહત્વપૂર્ણ છે, ધન, સત્તા, પ્રતિષ્ઠા, સન્માન તુચ્છ છે. આવા દિવ્ય ગુણો, ભાવનાઓ, સંસ્કારો, કર્મોથી યુક્ત આચાર્ય દેવવ્રતજી ઉપર આપણને ગર્વ છે. આપણે એમની પ્રગતિ અને ઉન્નત ભવિષ્યની કામના કરીએ છીએ, જેનાથી સમાજ, રાષ્ટ્રમાં વૈદિક ધર્મનો પ્રચાર-પ્રસાર થઈ શકે.

# આચાર્ય જ્ઞાનેશ્વરજી હિમાચલ પ્રદેશનાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીને મળ્યા

તાજેતરમાં આચાર્ય જ્ઞાનેશ્વરજી હિમાચલ પ્રદેશનાં રાજયપાલ શ્રીયુત આચાર્ય દેવવ્રતજીને મળવા શિમલાનાં રાજભવન ગયા હતા. ત્યાં તેમના અનુભવોને તેમણે અગ્નિપથ સાથે વાગોળ્યા હતા.

આચાર્ય જ્ઞાનેશ્વરજીએ કહ્યું હતું કે આપણે સૌ એવું સાંભળતા આવ્યા છીએ કે રાષ્ટ્રપતિની જેમ રાજયપાલ પણ સફેદ હાથી જેવા અતિ ખર્ચાળ, માત્ર રબર સ્ટેમ્પ જેવા, ઉચ્ચ સંવૈધાનિક પદો ઉપર નિયુક્ત થતા વ્યક્તિઓને શપથ લેવડાવવા અને કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરવા જેટલા ગણ્યા ગાંઠ્યા કામ જ કરતા હોય છે. પોતાના તરફથી રાજકાર્યોમાં કોઈ સીધો હસ્તક્ષેપ કરી શકતા નથી. કોઈ યોજના કે કાનૂન વિશેષ બનાવી શકતા નથી. રાજયપાલ નિષ્ક્રિય, અકર્મણ્ય વ્યક્તિ હોય છે.

મારી બે દિવસોની કેટલાક કલાકોની ચર્ચા, વિચાર વિમર્શ, પ્રશ્નોત્તરી વગેરેના માધ્યમથી જે જે વાતો મારી જાણમાં આવી એ સાંભળીને હું તો સ્તબ્ધ અને આશ્ચર્યચકિત થઈ ગયો. એમની કેટલીક વાતોને જનસામાન્ય માટે જણાવી રહ્યો છું.

આચાર્ય દેવવ્રતજીએ રાજભવનમાં પ્રવેશ કરતાની સાથે જ અંગ્રેજોનાં સમયથી ચાલી આવતી શરાબ અને માંસની પાર્ટીને ઉખાડી ફેંકી. તેમણે આ પાર્ટીનાં સ્થળ ઉપર એક સુંદર, આકર્ષક યજ્ઞશાળાનું નિર્માણ કરાવ્યું. તેમણે તેના ઉદ્‌ઘાટન પ્રસંગે વર્તમાન તથા ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ, મંત્રીઓ, વિધાયકો અને રાજયનાં ગણમાન્ય વ્યક્તિઓને આમંત્રિત કરી યજમાન બનાવ્યા હતા. વેદ મંત્રોનાં વિશુદ્ધ પાઠ દ્વારા યજ્ઞ કાર્ય સંપન્ન કરવામાં આવ્યું.

વિરોધીઓ, સ્વાર્થીઓ તથા અજ્ઞાનીઓએ આનો વિરોધ કરતાં કહ્યું કે રાજભવનમાં યજ્ઞશાળા બનાવવી એ ધર્મનિરપેક્ષતાની વિરૂદ્ધ છે. આ તર્કનાં જવાબમાં આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે જો રાષ્ટ્રપતિ ભવનમાં મસ્જીદ અને ગુરુદ્વારા બની શકે છે તો રાજભવનમાં યજ્ઞશાળા કેમ ન બની શકે? આ તર્કથી વિરોધીઓ નિરૂત્તર બની ગયા. આચાર્ય દેવવ્રતજીને જ્યારે સમય મળતો ત્યારે તેઓ



હિમાચલ પ્રદેશનાં રાજભવનમાં રાજયપાલ મહોદય આચાર્ય દેવવ્રતજી સાથે યજ્ઞ કરી રહેલા આચાર્ય જ્ઞાનેશ્વરજી

પાવડો, ઝાડુ અને બાલ્ટી લઈને નજીકનાં ગામોમાં કર્મચારીઓ સાથે જતા રહેતા. ત્યાં તેઓ સફાઈ અભિયાન શરૂ કરી દેતા. ગામનાં લોકો અને રાજ્યનાં કર્મચારીઓ પણ આવીને રાજયપાલજીની સાથે સફાઈ કાર્યમાં લાગી જતા. આનો જનતા ઉપર સારો પ્રભાવ પડ્યો અને તેમની સર્વત્ર સ્તુતિ, પ્રસંશા થવા લાગી, તેમના પ્રત્યે લોકોમાં આદરભાવ ઉત્પન્ન થયો.

ગુરૂકુલીય શિક્ષણ પદ્ધતિથી જેનું નિર્માણ થયું હોય તેવા વૈદિક વિદ્વાન નિષ્ક્રિય, અકર્મણ્ય રહેવાવાળા નથી હોતા. રાજયપાલ મહોદયે સ્વયં ગામોમાં ભ્રમણ કરી સ્થાનિકોની સમસ્યાઓ જાણીને અનુભવ કર્યો કે અહીં પર્યાપ્ત વરસાદ આવતો હોવા છતાં પાણી નીચે મેદાનોમાં વહી જાય છે જેને કારણે ગામમાં પીવાના પાણીની અને ખેતીના પાણીની અછત વર્તાય છે. તેમણે ગ્રામજનોને

(અનુ. પાન-૩ ઉપર)

## વૈદિક વીરાંગના દળ, જયપુર દ્વારા

# વૈદિક જ્ઞાનની સાથે અનેક કળાઓનું પ્રશિક્ષણ અપાશે

વૈદિક વીરાંગના દળ, જયપુર દ્વારા વૈદિક જ્ઞાન અંતર્ગત યજ્ઞ પ્રશિક્ષણ, સત્યાર્થ પ્રકાશનું અધ્યાપન કરવાની સાથે પ્રવચન અને ભજન ગાયનનાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવનાર છે. માત્ર મહિલાઓ માટે યોજાનારા આ કાર્યક્રમોની સાથે કાર્યક્રમમાં ભાગ લેનાર મહિલાઓને ફેશન ડીઝાઈનીંગ, સીલાઈ, કઢાઈ, મહેંદી, ડ્રોઈંગ, પેઈન્ટીંગ, ક્રફ્ટ વગેરે વિષયોનો ડિપ્લોમાનો કોર્સ કરાવવામાં આવશે. આ સાથે ધોરણ-૧૨ અને બી.એ.નાં અધ્યયન-અધ્યાપનનું એક વર્ષનું કાર્ય પણ દળનાં રાષ્ટ્રીય કાર્યાલય બી-૧૨૩, માલવીય નગર, જયપુર ખાતે કરાવવામાં આવશે.

આ અંગે સુશ્રી અનામિકા શર્માએ જણાવ્યું હતું કે આ વર્ગમાં પ્રવેશ લઈને સફળતા પૂર્વક તેને સંપન્ન કરનારી મહિલાઓને જો તેઓ વૈદિક ધર્મનો પ્રચાર કરવા માંગતી હશે તો તેમને વૈદિક વીરાંગના દળ દ્વારા માસિક રૂપિયા ૮ હજાર વેતન આપવામાં આવશે. આ પ્રકારના પ્રશિક્ષણ વર્ગોમાં કોઈ મહિલા વૈતનિક કે અવૈતનિક સેવાઓ પ્રદાન કરવા ઈચ્છતી હોય તો તેમણે મોબાઈલ નંબર ૮૧૦૭૯૫૩૮૮૪ ઉપર ૨૫મી જુલાઈ સુધીમાં સંપર્ક કરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

અત્યારે ઓછી ભણેલી બહેનોને સિલાઈ કામ શીખવાડવાનો વર્ગ પણ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે.

## અગ્નિપથનું લવાજમ મોકલવાનું સ્થળ

**ઓ-૫૦૧, શુકન સ્કાય,**
**સિટી પલ્સની બાજુમાં,**
**કુડાસણ, તા.જિ. ગાંધીનગર-૩૮૨૪૨૧**
**મોબા. ૯૭૨૭૭ ૦૦૨૦૮**
e-mail : agnipathweekly@gmail.com

આપ નીચેના બેંક એકાઉન્ટમાં વાર્ષિક લવાજમ પેટે સહયોગ રાશી રૂા. ૨૦૦/- ભરી તેની જાણ અગ્નિપથને કરી શકો છો.

**ખાતાનું નામ : અગ્નિપથ બેંક : યુનાઈટેડ બેંક ઓફ ઈન્ડિયા**
**શાખા : ગાંધીનગર, કરન્ટ એકાઉન્ટ નં. ૧૪૫૫૦૫૦૦૦૩૬૮૧**

## રોટરી ઈન્ટરનેશનલના ડિસ્ટ્રીક્ટ-૩૦૫૧ દ્વારા

# શ્રી અરવિંદભાઈ રાણાને આઉટ સ્ટેન્ડીંગ પ્રેસિડન્ટ ઓફ ધી ઈયરનો એવોર્ડ અપાયો

માંડવી

રોટરી ઈન્ટરનેશનલનાં ડિસ્ટ્રીક્ટ ૩૦૫૧ અંતર્ગત ૬૬ ક્લબો ગુજરાત તથા રાજસ્થાનનાં જુદા જુદા વિસ્તારોમાં આવેલ છે. આ ક્લબો દ્વારા વર્ષ દરમ્યાન અલગ અલગ પ્રકારની સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે.

જેમાં ૫૦ થી ઓછા સભ્યો ધરાવતી નાની ક્લબોની વાર્ષિક કામગીરીનું મૂલ્યાંકન કરી જુદા જુદા એવોર્ડ્સ પૈકી બેસ્ટ કોમ્યુનીટી સર્વીસનો એવોર્ડ રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરને આપવામાં આવ્યો હતો.




રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરને બેસ્ટ કોમ્યુનીટી સર્વીસનો એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો.

કચ્છનાં માંડવી સ્થિત પંડિત શામજીકૃષ્ણ વર્મા મેમોરીયલ-ક્રાંતિતીર્થ ખાતે યોજાયેલા એવોર્ડ સેરેમનીમાં ક્લબનાં પ્રમુખ શ્રી અરવિંદભાઈ રાણાને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આઉટ સ્ટેન્ડીંગ ક્લબ પ્રેસીડેન્ટનો એવોર્ડ પણ શ્રી અરવિંદભાઈ રાણાને આનાયત કરવામાં આવ્યો હતો.

PUBLISHER, OWNER, PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT ANUGRAH COMPUTERS AND PRINTERS, G.I.D.C. SECTGOR-28, DIST. GANDHINAGAR, PUBLISHED AT PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021